# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2559 ❖ શ્રાવણ પૂર્ણિમા ❖ 18 ઓગષ્ટ 2016 ❖ વર્ષ – 17 ❖ અંક – 5 ❖ સળંગ અંક - 197

## ધમ્મવાણી

वाचानुरक्सी मनसा सुसंवुतो,काचेन च अकुसलं न कयिरा।
एते तयो कम्मपथे विसोधये, आराधये मग्गमिसिप्पवेदितं।।

જે વાણીની રક્ષા કરે છે, જે મનથી સંયમી છે, શરીરથી પાપ–કર્મ નથી કરતો; જે આ ત્રણે કર્મેન્દ્રિયોને શુદ્ધ રાખે છે, તે બુદ્ધ દ્વારા દર્શાવેલા ધર્મનું સેવન કરી શકે છે.

-ધમ્મપદ

## ભદન્ત વેબુ સયાડો સાથે વિપશ્યના સાધકોની મુલાકાત

{સયાજી ઊબા ખિનની પાંચમી પુણ્યતિથિએ (19મી જાન્યુઆરી,1976 ) પૂજ્ય ગોયન્કાજીના કેટલાક પશ્ચિમી સાધકો સયાજીના કેન્દ્રમાં ધ્યાન કરવા રંગૂન ગયેલા તે વખતે તેમણે એક દુભાષિયાની સહાયથી ભદન્ત વેબુ સયાડોની મુલાકાત લીધેલી}

દુભાષિયોઃ આ પંદર વિદેશીઓ સયાજી ઊબા ખિનના શિષ્યો છે. આજે સયાજીની પાંચમી પુણ્યતિથિ છે. આજે સવારે પચાસ ભિક્ષુઓને ચા-નાસ્તો કરાવેલો જેમાં એકસો પચાસ સાધકોએ હાજરી આપેલી. આ વિદેશી સાધકો વિપશ્યના શિબિરાર્થે એક માસ માટે કેન્દ્રમાં આવ્યા છે. બર્મામાં તેઓ સાત દિવસ સુધી જ રહેશે; પછી બેન્કોક અથવા કલકત્તા જશે અને ફરીથી અહીં આવશે. તેઓ પૈકી કેટલાક બીજી વાર આવ્યા છે. મોટા ભાગના પ્રથમ વાર આવ્યા છે. બીજા ઘણા ત્રીજી વાર આવવાના છે. સયાજીની પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ આપવા આખા મહિના દરમ્યાન શિબિરોનું આયોજન થયેલું છે.

આ લોકોમાંના કેટલાક અમેરિકાથી, કેટલાક ઇંગ્લેન્ડથી, કેટલાક ફ્રાંસથી તો કેટલાક ન્યુઝીલેન્ડથી એમ દૂર દૂરના વિવિધ દેશોના પ્રતિનિધિ તરીકે આવ્યા છે. કેટલાક ઓસ્ટ્રેલિયાથી આવ્યા છે અને એક મલેશિયાથી આવ્યા છે.

વેબુ સયાડોઃ આ તો ભગવાન બુદ્ધના સમયમાં હતું તેવું થયું. ત્યારે પણ તેઓ ભગવાન પાસે એકી સાથે પહોંચતા; એક જ દેશમાંથી કે એક જ શહેરમાંથી કે એક જ જગ્યાએથી નહીં, અલગ અલગ દેશોમાંથી, અલગ અલગ શહેરોમાંથી; બધા આર્યો એકી સાથે એક જ સ્થળે ભગવાનની વંદના કરવા એકત્ર થતા. દેવો અને મનુષ્યોમાંથી કોઈ ભગવાનની વંદના કરતાં થાકતાં નહીં; તેઓ પુલકિત હૃદયે, અહોભાવથી ભગવાનની વંદના કરતા.

ભગવાન બુદ્ધ સર્વ પ્રાણીઓ પ્રત્યે અસીમ પ્રેમ, દયા અને કરુણાપૂર્વક તેમનું માર્ગદર્શન કરતા. તેઓ ભગવાનના સારા અને આજ્ઞાંકિત શિષ્યો તરીકે તેમણે ઉપદેશેલા માર્ગનું વિનમ્રતા અને કૃતજ્ઞતાપૂર્વક અનુસરણ કરતા. ભવસંસરણમાં દુખી થઈને અટવાતા તેઓએ હવે પોતાની યાત્રા પૂરી કરી લીધી હતી, સંસારમાં જે પ્રાપ્તવ્ય હતું તે પ્રાપ્ત કરી લીધું હતું. ભગવાન બુદ્ધના ઉપદેશનું અનુસરણ કરીને અસંખ્ય પ્રાણીઓએ નિર્વાણનો સાક્ષાત્કાર કરેલો.

તમે સૌ પણ અતીતના એ મુમુક્ષુઓ સમાન છો. હવે તમે ભગવાનનો ઉપદેશ જ્યાં ચિરસ્થાયી થયો છે ત્યાં પહોંચી ગયા છો ત્યારે જો તમે પણ તેમની માફક એ હાંસલ કરવા કૃતસંકલ્પ હો, તેમના જેવી જ નિષ્ઠા અને ઉત્સાહ ધરાવતા હો, કરવાયોગ્ય બધું જ કરતા હો, એક ક્ષણ પણ ગુમાવ્યા વિના વિનમ્રતા અને કૃતજ્ઞતાપૂર્વક ઉપદેશને અનુસરતા હો, અથાગ પરિશ્રમ કરી શકતા હો તો તમને પણ આર્યમાર્ગ પર પ્રાપ્તવ્ય પ્રાપ્ત થશે. એ વાતનો તમને સૌને આનંદ હોવો જોઈએ.

મને ખબર નથી કે હું જે કહું છું તે આ લોકો સમજે છે કે?

દુભાષિયોઃ એકાદ-બે સમજતા હશે, ભન્તે, તેમણે અમેરિકામાં બર્મીઝ શીખેલી છે.

સયાડોઃ એમ કે? બહુ સરસ મને આનંદ થયો. જેને સમજાય છે તે બાકીના લોકો સમક્ષ ભગવાનનો ઉપદેશ વર્ણવીને અને ઘણાનું કલ્યાણ કરી શકશે, નહીં? આમાંથી કોણ બર્મીઝ બોલી શકે છે? તો ભાઈ, તમે બર્મીઝ સમજો છો, હું બોલું છું તે સમજાય છે? થોડું થોડું? ભલે, થોડું પણ કામ લાગશે. ભગવાને કહેલું થોડું પણ સમજાઈ જાય તો ઘણો લાભ છે. ભગવાનના થોડાક શબ્દો કાંઇ થોડા નથી હોતા, એ તો ગાગરમાં સાગર હોય છે.

તમને લોકોને આ ભવસંસરણ દરમ્યાન એક કામના રહી છે જેના માટે તમે મથતા રહ્યા છો. જ્યારે તમને ભગવાનનો ઉપદેશ સમજાઈ જાય અને તમે તેનું અનુસરણ કરવા લાગો તો તમને એ કામનાની પ્રાપ્તિ થાય છે. આ લાંબા ભવસંસરણમાં ચાલતી આવેલી હાલની અને સદાની એ કામના કઈ છે? "હાલની" એટલે? વર્તમાનની, આ ક્ષણની.

તમને સૌને સુખ જોઈએ છે, દુઃખમુક્તિ જોઈએ છે, હાલમાં જ જોઈએ છે ને? અને ભવસંસરણમાં પણ સુખ વાંછો છો ને? વારુ, ભવચક્રના ફેરામાં તો જરા-વ્યાધિ-મરણ અવશ્યંભાવી છે, એટલે કે મહાદુઃખ. તમને સૌને વૃદ્ધાવસ્થા, બીમારી અને મૃત્યુનો ભય છે કે નહીં? હા, સૌને છે. તેનાથી ભયગ્રસ્ત રહીને તે અંગે તમે કશું કરવા માગો તે બરાબર છે?

વાસ્તવમાં તમને એવી જગ્યાનો તલસાટ છે જ્યાં આ દુઃખોનું અસ્તિત્વ જ ન હોય, જ્યાં વૃદ્ધાવસ્થા, બીમારી, મૃત્યુ અપરિચિત હોય, જ્યાં આ તમામ દુઃખો સમાપ્ત થઈ ગયાં હોય; ટૂંકમાં, "નિર્વાણ". તમે આને માટે મથી રહ્યાં છો. જો ભગવાન બુદ્ધના નિર્દેશોનું વિનમ્રતા અને કૃતજ્ઞતાપૂર્વક અનુસરણ કરો તો તમે ધ્યેય હાંસલ કરી જ શકો, ખરું કે? તમે કૃતકૃત્ય થશો, સફળ

થઈને તમે પ્રાપ્તવ્યને પ્રાપ્ત કરી લેશો, જેની તમને અદમ્ય કામના છે.

અલબત્ત, તમે બહુ જ થોડો, અતિ સંક્ષિપ્ત ઉપદેશ સમજી શકતા હો, પરંતુ જો તેનું ખંતપૂર્વક અનુસરણ કરો તો જે પ્રાપ્ત થશે તે અલ્પ નહીં હોય. તે એ હશે જેની કામના તમે યુગોથી કરેલી છે. એ ઇનામ નાનું અમસ્તું ગણાય? બિલકુલ નહીં. એ તો અતિ ઘણું ઇનામ છે.

એક વાર નિર્દેશ સમજાઈ જાય, ભલે થોડી માત્રામાં ટચુકડો જ, અને પછી અથાગ કાળજીપૂર્વક તેનું અનુસરણ કરવામાં આવે તો સુખ મળે જ મળે. આ સુખ સમસ્ત બ્રહ્માંડને મળે– મનુષ્યો, દેવો બ્રહ્માઓ સર્વને. અલબત્ત ઉપદેશ નાનકડો જ છે પણ પ્રાપ્તિ અતિ ઘણી છે. તમે જે કંઇ કામના કરી હોય તે મળી જાય છે, મળે છે ને? અવશ્ય મળે છે. તો મિત્રો, તમે એ ટચુકડા નિર્દેશનું પાલન કરી શકો ખરા? કરી શકો ને? સરસ.

તમારી માફક જ ભગવાનના વખતમાં પણ એવા લોકો હતા, જેઓ સુખશાંતિની શોધમાં ભટકતા હતા, ભગવાનના જન્મ પૂર્વે પણ તેઓ ભટકતા હતા. કોણ હતા એ લોકો? અરે, આખું વિશ્વ. પણ હું તેમાંથી સારિપુત્ર અને મોદ્ગલાયન, બે ઉમદા મિત્રોની જોડીનું ઉદાહરણ આપીશ જેઓ આગળ જતાં ભગવાનના પ્રમુખ શિષ્યો બનેલા. કદાચ તમે તેમના વિશે વાંચ્યું હશે.

સારિપુત્ર અને મોદ્ગલાયન અમૃતની શોધમાં પરિવ્રાજક તરીકે પવિત્ર જીવન જીવી રહ્યા હતા. પહેલાં સારિપુત્ર ભગવાનના પ્રથમ પાંચમાંના એક શિષ્યના સંપર્કમાં આવ્યા. તેણે તેને ભિક્ષાટન કરતા જોયા. તેમની મુખકાંતિ અને ઓજસ્વી ત્વચા જોતાં જ તે સમજી ગયા કે પોતે જે માર્ગ શોધી રહ્યા છે તે માર્ગ પર એ વ્યક્તિ ચાલી ચૂકી છે.

ભિક્ષાટન પૂરું થયું ત્યાં સુધી સારિપુત્ર તેની પાછળ પાછળ ચાલતા રહ્યા. તેઓ ભિક્ષા ગ્રહણ કરી રહ્યા હતા ત્યારે સારિપુત્ર થોડે દૂર અદબભેર ઊભા રહ્યા. ભોજનાંતે તેઓએ તેમની પાસે જઈ, પ્રણામ કરીને પૂછ્યું કે તેમના ગુરુ કોણ છે અને તેમનો વાદ ક્યો છે?

સ્થવિર ભિક્ષુએ ઉત્તર આપ્યો કે તેમના ગુરુ ભગવાન બુદ્ધ છે જેમની પાસેથી તેમણે વિદ્યા શીખી છે. જ્યારે સારિપુત્રે તેમના વાદ વિશે જાણકારી આપવા ખૂબ આગ્રહ કર્યો ત્યારે તેમણે કહ્યું કે "હું તો હમણાં જ તેમની વિદ્યા શીખ્યો છું, વિસ્તારપૂર્વક તમને શીખવી નહીં શકું, ટૂંકમાં જ કહી શકું."

આ સ્થવિર વાસ્તવમાં અરહંત બની ગયા હતા. તેથી બધું જાણતા જ હતા છતાં વિનમ્રતાથી કહ્યું કે થોડુંક જ જાણે છે. ત્યારે સારિપુત્રે જણાવ્યું કે તેમને વધુ જાણવાની જરુર નથી, ભગવાને જે શીખવ્યું, તેમાંનું થોડુંક જ પૂરતું છે.

સ્થવિરે તેમને ઉપદેશની રૂપરેખા જ આપી. કેવડી હતી એ રૂપરેખા? એટલી નાની કે એક દોહા જેટલી પણ નહીં. એ ટચુકડું કથન સાંભળીને સારિપુત્રે કહ્યું કે એ પૂરતું છે કેમકે અલ્પમાત્ર સાંભળતાં જ તેમને પોતાની ભીતર ધર્મના તરંગોના ઉદય-વ્યયની અનુભૂતિ થવા લાગી હતી. આમ, ઉપદેશ તો બહુ અલ્પ માત્રામાં હતો પરંતુ સારિપુત્ર જે સમજ્યા તે અલ્પ માત્રાનું ન હતું. એ તો સંપૂર્ણ ધર્મ સમજી ગયા હતા.

તો મિત્રો,તમે પણ અલ્પ માત્રામાં તો સમજો જ છો, નહીં? જો હા, તો ભગવાનના ઉપદેશનું અનુસરણ કરીને તમને જે પ્રાપ્ત થશે તે વિપુલ માત્રામાં હશે. મિત્રો, હું તમારી ભાષા બોલી શકતો નથી, પરંતુ તમને થોડું ઘણું પણ સમજાય તો તમારા મિત્રોને કહેજો જેથી બધાને થોડો થોડો ધર્મ તો સમજાશે. કહેશો ને? મને ખાતરી છે કે કહેશો.

તમે સૌ ખૂબ પારમી ધરાવો છો, તેથી જ દૂર સુદૂરના વિવિધ દેશોમાંથી અહીં આવ્યા છો; અને પૂરતી પારમી છે, તેથી તો એકી સાથે અહીં પહોંચ્યા છો. અને અહીં આવીને પણ તમે ધર્મ વિશે જાણવા માગો છો તેથી તમે ધર્મશ્રવણ કર્યું, ભગવાનનો ઉપદેશ સાંભળ્યો. હવે આ ધર્મ સાંભળીને કે તેનું રટણ કરીને જ ન રહી જતા, તેનો અભ્યાસ પણ કરજો. અદમ્ય પુરુષાર્થ કરીને આ પંથે ચાલો, આવશ્યકતા હોય તેટલો પ્રયાસ અને સમય ફાળવો અને તમને ચોક્કસ ઉત્તમ ફળ મળશે જ. હાલમાં જ મળવા લાગે છે, નહીં? તમારા પુરુષાર્થના પ્રમાણમાં પરિણામ મળવા જ લાગે છે.

તમે સૌ અત્યારે અહીં છો અર્થાત્ તમારી પાસે એમ કરવા જેટલી પારમી છે. ભગવાને કહ્યું છે કે તમે ધર્મપંથે ચાલવા લાગો તો શારીરિક રીતે તેમનાથી દૂર બ્રહ્માંડના છેડે હો તો પણ તેમની સમીપે છો. એથી ઉલ્ટું, તમે તેમના ચીવરનો છેડો પકડીને ચાલતા હો, પરંતુ તેમણે શીખવેલા ધર્મનું પાલન ન કરતા હો તો તમે તેમના કરતાં અનેક યોજન દૂર છો. તમે દૂર સુદૂરના દેશોમાં વસો છો છતાં ભગવાનની સમીપ છો. તેમના ઉપદેશને વિનમ્રતા અને નિષ્ઠાપૂર્વક અનુસરીને તમે આ ભવસંસારમાં યુગોથી મથી રહ્યા છો તો પ્રાપ્તવ્યને અવશ્ય પ્રાપ્ત કરશો.

અસંખ્ય આર્યો આ પથ પર ચાલીને નિર્વાણ પામ્યા છે. વિવિધ દેશોના વિવિધ શહેરોમાંથી અહીં આ પવિત્ર ભૂમિમાં એકી સાથે આવેલા તમે પણ વિનમ્રતાપૂર્વકના ઉચિત પ્રયાસ અને અદમ્ય પુરુષાર્થ થકી એ ધ્યેય હાંસલ કરી જ શકશો. ખરેખર આ તો એક આનંદનો અવસર છે. તમારી અદ્ભુત શ્રદ્ધા અને ઉત્સાહ જોતાં તમને બિરદાવવામાં મને અનેરો આનંદ થાય છે. તમે સૌ સફળ થાઓ! બહુ સરસ! બહુ સરસ!

(અત્રે શિષ્યો સાથે વેબુ સયાડોનો વાર્તાલાપ છે)

વેબુ સયાડો : તમે સૌએ સૂતાં સૂતાં, બેઠાં બેઠાં, ઊભાં ઊભાં, ચાલતાં ચાલતાં એમ ચારેય અવસ્થાઓમાં નિરંતર પ્રયાસ કર્યો છે?

શિષ્યો : (હાસ્ય)

વેબુ સયાડો : તમે નિરંતર પ્રયાસ નથી કર્યો?

શિષ્ય : અવિરત નહીં.

વેબુ સયાડો : વીર્ય સાથે સખત પરિશ્રમ કરવાનું અઘરું તો નથી, એમાં દર્દ પણ નથી. (હાસ્ય) પૂરેપૂરા વીર્યથી પ્રયાસ કરો તો સુખ ન મળે?

શિષ્ય : મળે ને.

વેબુ સયાડો : પ્રયાસ ન કરો તો સુખ મળે?

શિષ્ય : નહીં.

વેબુ સયાડો : તમને શું ગમે, દુઃખ કે સુખ? (હાસ્ય) આપણી સમાધિ પવનમાં કાંપતી મીણબત્તી જેવી છે. આપણી સમસ્યા છે વીર્ય, સતિ અને સમાધિ. આપણી સમાધિ ખૂબ નિર્બળ છે. જો તમે ચાલતા રહો તો પ્રગતિ થાય જ છે. અટકો નહીં. ઉત્સાહપૂર્વક, વીર્યપૂર્વક ચાલતા રહો. વીર્ય એટલે શું તે જાણો છો ને?

શિષ્ય : પ્રયાસ.

વેબુ સયાડો : પુરાણા કાળમાં આર્યોએ વીર્ય સાથે નિરંતર પુરુષાર્થ કર્યો અને તેમને સુખ આવી મળ્યું. જો તમે પણ

બુદ્ધના ઉપદેશનો એકાગ્રતાપૂર્વક નિરંતર અભ્યાસ કરો તો તમારી ઉમદા અભીપ્સાનું ફળ મળે જ. એક જ વાત યાદ રાખોઃ એકાગ્રતાપૂર્વકનો નિરંતર અભ્યાસ હોય તો સુખ નિશ્ચિત છે. બર્મામાં આવ્યે તમને કેટલો વખત થયો?

શિષ્ય : ચોવીસ કલાક.

વેબુ સયાડો : અહીં આવ્યા બાદ તમે પૂર્ણ પુરુષાર્થ કર્યો છે કે?

શિષ્ય : પ્રત્યેક કલાકમાં નહીં.

વેબુ સયાડો : જે કલાકોમાં તમે પુરુષાર્થ કર્યો તેમાં તમે સુખી હતા કે?

શિષ્ય : ક્યારેક ધ્યાન કરતાં કરતાં મને ઊંઘ આવી જાય છે ત્યારે મને સુખ નથી અનુભવાતું.

વેબુ સયાડો : જે પુરુષાર્થ કરે તેની ભીતર સુખ આવીને વસે છે. પુરુષાર્થ કરવો કપરો છે? જો કપરો ન હોય, તેમ કરવાથી પીડા ન આવતી હોય તો શિથિલ ન થવું, સુખી થવું.

શિષ્ય : જો કપરું ને પીડાદાયક હોય તો?

વેબુ સયાડો : અદમ્ય પુરુષાર્થ કરો તો પરિણામે દુઃખ મળે કે?

શિષ્ય : પુરુષાર્થ પીડાદાયક હોઈ શકે. પરંતુ, પરિણામ પીડાદાયક ન હોઈ શકે.

વેબુ સયાડો : પૂર્ણ વીર્ય સાથે પુરુષાર્થ કરવામાં સુખપ્રાપ્તિનું ધ્યેય નથી શું? સુખ અવશ્ય મળશે જ. શું પુરુષાર્થનું ફળ પીડા છે?

શિષ્ય : પીડા એ છે કે અમને ઊંઘ આવી જાય છે.

વેબુ સયાડો : તમને ઊંઘ ક્યારે આવે છે, વીર્ય ઓછું હોય ત્યારે કે વધુ હોય ત્યારે? તમારી પાસે હોય તેટલું વીર્ય અજમાવો.

શિષ્ય : અહીં આવેલા તમામ પાસે વીર્ય તો છે જ. પરંતુ, હર વખત નથી હોતું.

વેબુ સયાડો : દરેક પાસે વીર્ય છે તો શું ભવિષ્ય માટે સંઘરી રાખવું છે? (હાસ્ય) તમે અત્યંત પ્રયાસ કરો છો?

શિષ્ય : મારો પ્રયાસ હર ક્ષણ એવો નથી હોતો. ક્યારેક મને ઊંઘ આવી જાય છે.

વેબુ સયાડો : ઊંઘનું કારણ **થીનમિદ્ધ**–આળસ અને પ્રમાદ છે. એ ક્યારે આવે છે. વીર્ય ઓછું હોય ત્યારે કે વધુ હોય ત્યારે?

શિષ્ય : ઓછું હોય ત્યારે.

વેબુ સયાડો : ભગવાનના ઉપદેશને અનુસરીને ચિત્તને જ્યાં એકાગ્ર કરવું હોય ત્યાં એકાગ્ર કરવા માટે ઓછા વીર્યની આવશ્યકતા પડે કે વધુ વીર્યની?

શિષ્ય : વધુ વીર્યની.

વેબુ સયાડો : હા, એક બાળકને હિમાલય ચઢવામાં ઘણો સમય લાગે છે. તે પોતાનું સઘળું બળ અજમાવે છે, તેમ છતાં ઘણી વાર તે પડી જાય છે. આપણે હિમાલય ચઢી રહેલા એ બાળક જેવાં છીએ; આપણે પણ વારં વાર પડી જઈશું. પડી જશો એવું લાગે ત્યારે તમારે સતિ સાથે પ્રયાસ કરવો.

શિષ્ય : અમારી સતિ હવાદાર ઓરડામાં બળતી મીણબત્તી જેવી છે, કદિ સ્થિર નથી હોતી.

વેબુ સયાડો : તો બંધ ઓરડામાં રહો જ્યાં હવા આવી જ ન શકે; તો પછી જ્યોત ધ્રૂજશે? એવા સ્થાને રહો, જ્યાં હવા પ્રવેશી જ ન શકે.

શિષ્ય : એવું સ્થાન ક્યું?

વેબુ સયાડો : વીર્ય. તમારે અન્યત્રથી અહીં આવવા માટે પ્રયાસ નથી કરવો પડતો? મને કહો કે તમારે અહીં જલ્દી પહોંચવું હોય છે કે મોડેથી?

શિષ્ય : જલ્દી.

વેબુ સયાડો : જલ્દી પહોંચવા માટે તમે ધીમેથી ચાલો કે?

શિષ્ય : નહીં.

વેબુ સયાડો : જલ્દી પહોંચવા ઇચ્છનારને કોઈ ધીમેથી ચાલવાની સલાહ આપે કે? સમજાય છે? તમારી બધાની પાસે ઉત્તમ વીર્ય છે. તમે ખૂબ દૂરથી અહીં આવ્યા છો, એટલે વીર્ય તો ખૂબ છે. એ સઘળું વીર્ય અજમાવો. એમાંનું થોડુંક વીર્ય બચાવીને રાખો તો **થીનમિદ્ધ** નામનો શત્રુ ભીતર ઘુસી ન જાય? તમારી પાસે હોય તેટલું વીર્ય અજમાવો તો પરિણામ શું આવે?

શિષ્ય : પ્રાપ્તવ્ય પ્રાપ્ત થાય.

વેબુ સયાડો : પોતાની પાસે હોય તેટલું તમામ વીર્ય, લગીરેય બચાવ્યા વિના અજમાવે તેની સઘળી અભીપ્સાઓ પૂર્ણ થાય છે, જેમ પુરાતન કાળના આર્યોની થઈ.

## ધમ્મકોટ ખાતે એક દિવસીય શિબિર

ધમ્મકોટ કેન્દ્ર – રાજકોટ ખાતે પૂ. ગુરુજી સત્યનારાયણ ગોયન્કાજીની પૂણ્યતિથિ નીમીતે એક દિવસીય શિબિરનું આયોજન કરેલ છે.

**તારીખ : ૨૫-૯-૨૦૧૬, રવિવાર - સવારે : ૮ થી સાંજે : ૫**

**-:: રજીસ્ટ્રેશન માટે ::-**

**ફોન : ૦૨૮૧-૨૨૩૩૬૬૬, મો.: ૭૮ ૭૮ ૭૨ ૭૨ ૨૩**

## રાજકોટ ખાતે એક દિવસીય શિબિર

**તારીખઃ ૨-૧૦-૨૦૧૬, રવિવાર**

**સમય :** સવારે ૮–૦૦ થી સાંજે ૫–૦૦

**સ્થળ :** ભાભાકૃપા, ૩–ગીતગુર્જરી સોસાયટી, એરપોર્ટ રોડ, રાજકોટ.

## ધમ્મકોટ–રાજકોટ ખાતે દીર્ઘ શિબિરો

**ફક્ત જૂના સાધકો માટે**

| | | |
|---|---|---|
| **20 DAYS** | : | 15-01-17 to 05-02-17 |
| **30 DAYS** | : | 15-01-17 to 15-02-17 |

## વિપશ્યના કેન્દ્ર ધમ્મકોટ – રાજકોટ ખાતે

ધમ્મકોટ કેન્દ્ર – રાજકોટ ખાતે નીચે જણાવેલ દિવસો દરમિયાન ફક્ત જૂના સાધકો ભાઇ/બહેનો માટે સતિપટ્ઠાન શિબિરોનું આયોજન કરેલ છે.

**તા. ૩૦-૦૯-૨૦૧૬ થી તા. ૦૮-૧૦-૨૦૧૬**

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૬ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.
રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666,
M : 78 78 72 72 23,
Ph.: 0281-2924942,
M : 93279 23540,
E-mail : dhammakot@gmail.com

31-08 to 11-09-16
14-09 to 25-09-16
28-09 to 09-10-16
12-10 to 23-10-16
27-10 to 07-11-16
09-11 to 20-11-16
23-11 to 04-12-16
07-12 to 18-12-16
20-12 to 31-12-16
02-01 to 13-01-17
17-02 to 28-02-17
02-03 to 13-03-17
15-03 to 26-03-17

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**
Ph.: 0261-3260961
Mo : 95865 82660, 94281 60714, 98250 44536.
E-mail : info@ambika.dhamma.org

01-09 to 12-09-16
14-09 to 25-09-16
28-09 to 09-10-16
12-10 to 23-10-16
01-11 to 12-11-16
16-12 to 27-12-16

**ફક્ત જૂના સાધકો માટે**

**20 DAYS**
14-11 to 05-12-16

**30 DAYS**
14-11 to 15-12-16

## ધમ્મસિંધુ-બાડા

C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫,
**સંપર્ક :**
Ph.: 02834-273303,
M : 78746 23305, 99256 74104
E-mail : info@sindhu.dhamma.org

11-09 to 22-09-16
25-09 to 06-10-16
08-10 to 19-10-16
19-10 to 30-10-16
31-10 to 11-11-16
18-12 to 29-12-16

**ફક્ત જૂના સાધકો માટે**

**10 DAYS SPL.**
18-12 to 29-12-16
07-04 to 18-04-17

**20 DAYS**
12-11 to 03-12-16
05-03 to 26-03-17

**30 DAYS**
05-03- to 05-04-17

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
Ph.: 02714-294690,
M : 94264 19397
E-mail : info@pitha.dhamma.org

14-09 to 25-09-16
28-09 to 09-10-16
12-10 to 23-10-16
*28-10 to 08-11-16
10-11 to 21-11-16
23-11 to 04-12-16
07-12 to 18-12-16
21-12 to 01-01-17
04-01 to 15-01-17
18-01 to 29-01-17
01-02 to 12-02-17
15-02 to 26-02-17

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800, 254634, 252345
M : 94292 33000.
E-mail : info@divakara.dhamma.org

31-08 to 11-09-16
14-09 to 25-09-16
12-10 to 23-10-16
02-11 to 13-11-16
16-11 to 27-11-16
30-11 to 11-12-16
14-12 to 25-12-16
28-12 to 08-01-17
25-01 to 05-02-17

**ફક્ત જૂના સાધકો માટે**

**10 DAYS SPL.**
11-01 to 22-01-17

**10 DAYS OLD STD.**
28-09 to 09-10-16

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 8905554666
M : 8866703636
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail : dhammapali15@gmail.com

18-09 to 29-09-16
09-10 to 20-10-16
30-10 to 10-11-16
27-11 to 08-12-16

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697-245460, 245302
M : 94265 00765.

02-09 to 13-09-16
09-11 to 21-11-16

**3 DAYS**
06-10 to 09-10-16

**નોંધ : શિબિરના દિવસે ધમ્મકોટ જવા માટે બપોરે : ૨.૩૦ કલાકે રાજકોટ-વિપશ્યના સીટી ઓફિસથી બસ ઉપડશે.**

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

બાતેં કરતા ધર્મ કી, મન કે છુટે ન પાપ ।
ઉસ મૂરખ કે ના મિટેં, દુઃખ ઔર સંતાપ ॥

ધર્મ પાલને મેં જહાં, જો જો બાધક હોય ।
ચાહે જિતને પ્રિય લગેં, ત્યાગે નિર્મમ હોય ॥

દુર્લભ જીવન મનુજ કા, દિયા તર્ક મેં ખોય ।
બજા નગાડા કૂચ કા, શીશ પકડ ક્યૂં રોય ॥

**એક્સેલ કોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

ડૂબે વાદ વિવાદ મેં, ધર્મ ન ધારણ હોય ।
લગે મોક્ષ કે તર્ક મેં, દેય મોક્ષ હી ખોય ॥

જાને સમઝે ધર્મ કો, પર ન કરે વ્યવહાર ।
વૃથા બોઝ ઢોતા ફિરે, કૈસા મૂઢ ગંવાર ॥

ધર્મ ધાર નિર્મલ બને, રાજા હો યા રંક ।
રોગ શોક ચિન્તા મિટે, નિર્ભય હોય નિશંક ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 18 ઓગષ્ટ 2016** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

Weighs less than 30 gms
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org